**GJSR010059022025**

| | |
|---|---|
| ફાઈલ તારીખઃ | ૧૫/૦૫/૨૦૨૫ |
| દાખલ તારીખઃ | ૧૫/૦૫/૨૦૨૫ |
| ફેંસલ તારીખઃ | ૧૦/૦૪/૨૦૨૬ |
| અવધિઃ | વર્ષ માસ દિવસ |
| | ૦૦ ૧૦ ૨૬ |

**મહેરબાન સુરતના બીજા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,સુરત.**

**ફોજદારી પરચુરણ અરજી નંબર : ૩૭૧૩/૨૦૨૫**

**આંક :-**

**અરજદાર :** **(સરકાર શ્રી)**

શ્રી એન.ટી.દેશાણી

પી.એસ.આઈ.ડી.સી.બી.પોલીસ સ્ટેશન,સુરત શહેર.

વિરુધ્ધ

**સામાવાળા :** ભરૂચી ઈમરાન અબ્દુલમીદ

રહે.૩૭, ધંધો: મજુરી,

રહે.૧૨/૧૬૩૬, તંત્રવાડ મિર્ઝા,

સ્વામી રોડ, શાહપોર,સુરત.

**અરજદારના વિ.એ.પી.પી.શ્રી વી.એન.મોદી**

**સામાવાળાના વિ.વ.શ્રી એમ.એમ.અનસારી**

**બાબત :-**ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૮૩(૩) મુજબ જામીન રદ કરવાની અરજી

**-: <u>ચુકાદો</u> :-**

(૧) આ કામના ઉપર જણાવેલ સામાવાળા સામે અડાજણ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૦૦૧૫૨૩૦૧૩૦/૨૦૨૩ પ્રોહી એકટ કલમ ૬૫ઈએ,૮૧,૮૩,૯૮(૨),૯૯ મુજબનો ગુનો નોંધાયેલો છે તે ગુનાના કામે સામાવાળા/આરોપીએ પરચુ.આગોતરા જામીન અરજ નં .૯૬૯૫/૨૦૨૩ થી જામીન અરજી કરેલી જે અરજીના કામે કોર્ટે તા.૨૫/૧૦/૨૦૨૩ ના રોજ કેટલીક શરતોને આધીન જામીન મુકત કરતો હુકમ કરેલ જે જામીન રદ કરવા અરજદારે હાલની અરજી કરેલી છે.

(૨) અરજદાર તરફે અરજદારના વિ.એ.પી.પી.શ્રી આર.વી.મોદી ને સાંભળ્યા. તેઓએ તેમની દલીલમાં મુખ્યત્વે જણાવ્યુ છે કે સામાવાળા સામે પ્રોહી એકટ કલમ ૬૫ઈએ,૮૧,૮૩,૯૮(૨),૯૯ મુજબનો ગુનો નોંધાયેલો છે તે ગુનાના કામે સામાવાળા/ આરોપીએ પરચુ.આગોતરા જામીન અરજ નં..૯૬૯૫/૨૦૨૩ થી જામીન અરજી કરેલી જે અરજીના કામે કોર્ટે તા.૨૫/૧૦/૨૦૨૩ ના રોજ કેટલીક શરતોને આધીન જામીન મુકત કરતો હુકમ કરેલ જે જામીન રદ કરવા અરજદારે હાલની અરજી કરેલી છે. વધુમાં જણાવ્યુ છે કે ઉપરોકત હુકમ મુજબ સામાવાળા હુકમની મુજબની તમામ શરતોનુ પાલન કરવા બંધાયેલા હતા તેમ છતા આગોતરા જામીન પર મુકત થયા બાદ હુકમની શરતો પૈકી શરત નં.(B) He shall remain present at the concerned police station for interrogation on 16/10/2023 between 10 a.m to 5.00 p.m. નો ઈરાદાપુર્વક શરત ભંગ કરેલ છે જેથી જામીન રદ કરવા કરવા

રજુઆત કરી છે.

(૩) સામાવાળા તરફે વિ.વ.શ્રી એમ.એમ.અનસારી ને સાંભળ્યા. તેઓએ પોતાના જવાબમાં જે હકીકતો જણાવેલ છે તે મુજબની દલીલો ગણવા રજુઆત કરેલ છે.

(૪) આ કામે બંને પક્ષે વિ.વ.શ્રીને સાંભળ્યા, અરજદારની અરજી તથા સમગ્ર કેસના પેપર્સ વંચાણે લીધા.

(૫) સદર કામે આરોપીના ફો.પ.અ.નં.૮૬૯૫/૨૦૨૩ ના કામે તા.૨૫/૧૦/૨૦૨૩ ના રોજ આગોતરા જામીન અરજી મંજુર કરવામાં આવેલી જેમા આરોપીને તા.૩૦/૧૦/૨૦૨૩ ના રોજ સવારે ૧૦:૦૦ થી સાજે ૦૫:૦૦ સુધી સંબંધીત પો.સ્ટે.માં હાજર રહેવા હુકમ કરેલો જેનુ પાલન નહી કરતા પો.સ.ઈ.ડી.સી.બી.એ હાલની જામીન રદ કરવાની અરજી કરેલ છે.

(૬) આમ,આશરે બે વર્ષ બાદ ફરીયાદીએ આરોપીના જામીન રદ કરવાની અરજી કરેલ છે તે અંગે કોઈ સબળ કારણ પોતાની અરજીમાં જણાવેલ નથી. તેમજ આટલા લાંબા સમય સુધી તપાસમાં શા માટે આરોપીની હાજરીની જરૂર ન પડી તે બાબતે પણ કોઈ સ્પષ્ટીકરણ ફરીયાદપક્ષ તરફથી કરવામાં આવેલ નથી. આમ,ફરીયાદપક્ષ તરફથી તપાસના કામે આરોપી હાજર રહેલ નથી તે બાબતે તાત્કાલીક કોઈ પગલા લીધેલ નથી કે કોઈ કાર્યવાહી કરેલ

નથી તેવુ રેકર્ડ ઉપરથી જણાય છે.

(૭) ફરીયાદપક્ષ તરફથી જે રજુઆત છે તેને માની લેવામાં આવે તો પણ આરોપી તા.૩૦/૧૦/૨૦૨૩ ના રોજ પો.સ્ટે.માં હાજર થયેલ નહી ત્યારબાદ ફરી આરોપીને હાજર રહેવા કોઈ જાણ કરેલ કે કેમ તેવુ પણ કોઈ આધાર પુરાવો ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ નથી. તેમજ આરોપી તરફથી આંક–૮ જે જવાબ રજુ થયેલ છે તેમા આરોપી સંબંધીત પોલીસ અધિકારી સમક્ષ ત્રણ વાર હાજર થયેલાનુ જણાવે છે,પરંતુ આ હકીકત સંબંધે કોઈ સ્પષ્ટીકરણ ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ નથી.

(૮) આરોપીના જામીન મંજુર કરવા એ અલગ બાબત છે અને જામીન મંજુર થયા બાદ તેને રદ કરવા તે બાબતે સચોટ અને મજબુત કારણ રજુ થવુ જરૂરી છે. સદર કામે આરોપી સંબંધીત તારીખે પોલીસ સમક્ષ હાજર ન થવાથી જામીન રદ કરવાનુ કારણ બની જતુ નથી કારણ કે આરોપીએ પોતાની સ્વતંત્રતાનો કોઈ દુરઉપયોગ કરેલ નથી કે કોઈ સાહેદોને ધાક ધમકી આપી કેસને નુકશાન પહોચાડવાનો પ્રયાસ કરેલ હોય તેવુ પણ જણાતુ નથી. આમ, ફરીયાદપક્ષે જે કારણસર આરોપીના જામીન રદ કરવા અરજી લાવેલ છે તેમા કોઈ તથ્ય જણાતુ નથી અને અરજી મંજુર થવા પાત્ર જણાતી ન હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. અરજદાર (શ્રીએન.ટી.દેશાણી પી.એસ. આઈ.

ડી. સી.બી.પોલીસ સ્ટેશન,સુરત શહેર.) નઓની સામાવાળા (ભરૂચી ઈમરાન અબ્દુલમીદની) જામીન રદ કરવાની માંગણી આથી **નામંજુર** કરવામાં આવે છે.

૨. આ હુકમની એક નકલ સુરત પોલીસ કમિશ્નરશ્રીને જાણ સારુ મોકલવી.

આ હુકમ આજરોજ તા.૧૦ મી, માહે–એપ્રીલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તારીખઃ૧૦/૦૪/૨૦૨૬ (**આર.આર.ભટ્ટ**)
સુરત. બીજા એડીશ્નલ સેશન્સ જજ,સુરત.
Code No.GJ-00608